| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ: | ૨૪–૧૦–૨૦૨૪ | | |
| દાખલ તારીખ: | ૨૪–૧૦–૨૦૨૪ | | |
| ફેસલ તારીખ: | ૨૦–૦૩–૨૦૨૬ | | |
| સ મય મર્યાદા | વ ર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૪ | ૨૪ |

નામદાર સુપ્રિમ કોર્ટ SUO MOTO WRIT (CRL) NO. (S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલ ચેપ્ટર VI ના 179 A– અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫/– ૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ

FORM -A

.................................................................

**જામનગરના મે. ૫ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ**

(ચુકાદાની તારીખ: ૨૦/૦૩/૨૦૨૬)

<u>સેશન્સ કેસ નં ૧૪/૨૦૨૪</u>

આંક:–

એફ.આઇ.આરની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન: | ધ્રોલ પોલીસ સ્ટેશન |
| ગુન્હો: | આઇ.પી.સી. કલમ– ૩૦૨ તથા જી.પી.એકટની કલમ૧૩૫(૧)મુજબ |
| ત્હોમતનામા મુજબ ત્હોમત: | આઇ.પી.સી.કલમ–૦૨તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫(૧) મુજબ |
| ફરીયાદી: | શ્રી અબીભાઇ ચમારીયાભાઇદ ભુરલા |
| વિ.વ એ.પી.પી.શ્રી:– | શ્રી બી.વી.વાદી |
| આરોપી : | સરદાર જુરાવર વાસ્કેલીયા જાતે: આદિવાસી, ઉ.વ. ૩૩, ધંધો:ખેતમજુરી, રે. વિજયભાઇ કચરાભાઇપરમારની વાડીમાવાગુડડ રોડ,તા. ધ્રોલ, જી.જામનગર |
| આરોપી તરફે વિ.વ.શ્રી | વિ.વ.શ્રી કે.કે.ઝાલા(એલ.એ.ડી.સી) |

FORM -B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ: | ૨૫–૧૦–૨૦૨૩ |
| ફરીયાદની તારીખ: | ૨૫–૧૦–૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ:– | ૦૩–૦૧–૨૦૨૪ |
| ત્હોમત ફરમાવ્યાની તારીખ: | ૨૬–૦૩–૨૦૨૪ |
| પુરાવો શરુ કર્યાની તારીખ: | ૨૫–૧૧–૨૦૨૪ |
| ચુકાદો સંક્ષીપ્ત મા રાખ્યાની તારીખ: | ૨૦–૦૩–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ: | ૨૦–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની જો કોઇ તારીખ હોય તો, | |

આરોપીની વિગત:–

| આરોપી નં. | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન પર મુકત કરવામા આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામા આવ્યા કે કસુરવાન | શું સજા કરી, | ક્રિપો.કોડન ી કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સરદાર જુરાવર વાસ્કેલીયા તા. ધ્રોલ, જી. જામનગર | ૨૫–૧૦–૨૩ | –– | આઇ.પી.સી. કલમ–૩૦૨, તથાજી.પી. એકટની કલમ–૧૩૫(૧) | –– | –– | –– |

FORM-C

<u>ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનુ લિસ્ટ</u>

(એ) ફરીયાદ પક્ષ તરફે:–

<u>ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો:–</u>

| અનુ નં | સાહેદનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ડો. મેહુલ ચીમનભાઇ ઉપાધ્યાય | ડોકટર સાહેદ | ૦૮ |

| | | | |
|---|---|---|---|
| ૨. | અબી ચમારીયા ભુરલા | ફરીયાદી | ૧૩ |
| ૩. | વિજયભાઇ કચરાભાઇ પરમાર | સાહેદ | ૧૫ |
| ૪. | ભાવીનભાઇ દયાળજીભાઇ પરમાર | પંચ સાહેદ | ૧૭ |
| ૫. | ચંદ્રેશભાઇજીવરાજભાઇ પરમાર | પંચ સાહેદ | ૧૯ |
| ૬. | ભુપેન્દ્રસિંહ પ્રભાતસિંહ જાડેજા | પંચ સાહેદ | ૨૧ |
| ૭. | અરવિંદભાઇ રતીલાલ ચાવડા | પંચ સાહેદ | ૨૩ |
| ૮. | ચનાભાઇ રતાભાઇ મુંધવા | પંચસાહેદ | ૨૭ |
| ૯. | સિધ્ધરાજસિંહ અનોપસિંહ જાડેજા | પંચ સાહેદ | ૩૦ |
| ૧૦. | જેન્તીગીરીચંદુગીરી ગોસ્વામી | પંચ સાહેદ | ૩૧ |
| ૧૧. | વિજયભાઇ લવજીભાઇકાલાવડીયા | પંચસાહેદ | ૩૪ |
| ૧૨. | દેશીંગભાઇ ચમારીયાભાઇપચાચા | સાહેદ | ૩૫ |
| ૧૩ | કાદુભાઇ ચમાભાઇ પચાચા | સાહેદ | ૩૭ |
| ૧૪ | રઘુવીરસિંહ મંગુભા ઝાલા | સર્કલઓફિસર | ૩૮ |
| ૧૫ | દસરીબેન વેરસીંગભાઇ ડાવર | સાહેદ | ૪૪ |
| ૧૬ | આશુતોષ નટવરલાલ દવે | સાહેદ (એકઝીકયુટીવ મેજી) | ૪૫ |
| ૧૭ | ડો.અસ્તિત્વ જનોજકુમાર આનંદ | ડોકટર સાહેદ | ૪૮ |
| ૧૮ | શૈલેષ વિનોદભાઇ જોશી | સાહેદ | ૫૧ |
| ૧૯ | મુદુલ ઉપેન્દ્રભાઇભટ્ટ | નોડલ ઓફિસર વોડાફોન | ૫૩ |
| ૨૦. | પ્રકાશભાઇ ગુણવંતભાઇ પનારા | પી.એસ.આઇ સાહેદ | ૫૬ |
| ૨૧. | ડો. વિશવાસ જયંતીલાલ પરમાર | મેડીકલઓફિસર | ૭૪ |

## (બી) બચાવ પક્ષે જો કોઇ સાહેદ હોય તો

| સાહેદ નંબર | સાહેદનુ નામ | કયાપ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| ૧ | -- | |

## (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો

| સાહેદનંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| | ---- | |

<u>ફરીયાદ પક્ષે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:-</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પી.એમ. કરવા માટે અસલ પોલીસ યાદી | ૦૯ |
| ૨. | મરણજનારનુઅસલ મરણોતર ફોર્મ | ૧૦ |
| ૩. | અસલ શોર્ટ રીપોર્ટ | ૧૧ |
| ૪. | અસલ પી.એમ. રીપોર્ટ | ૧૨ |
| ૫. | અસલ ફરીયાદ | ૧૪ |
| ૬. | ઈન્કવેસ્ટ પંચનામુ | ૧૮ |
| ૭. | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૨૦ |
| ૮. | મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૨૨ |
| ૯. | આરોપીનુ શરીર સ્થિતીનુ પંચનામુ | ૨૪ |
| ૧૦. | મુદામાલ આર્ટીકલ નં ૫ પંચસ્લીપ સાથે સફેદ પાવતી | ૨૫ |
| ૧૧. | મુદામાલ આર્ટીકલ નં ૬ | ૨૬ |
| ૧૨ | મુદામાલ આર્ટીકલ નં૮ | ૩૨ |
| ૧૩ | ડીસ્કવરીપંચનામુ | ૩૩ |
| ૧૪ | સ્થાનિક જગ્યાનો નકશો બનાવવાની યાદી | ૩૯ |
| ૧૫ | મામલતદાર સાહેબે નકોશ બનાવવા માટે આપેલ યાદી | ૪૦ |
| ૧૬ | નકશો તૈયાર કરી ફોરવર્ડ કર્યા બાબતની યાદી | ૪૧ |
| ૧૭ | બનાવવાળી જગ્યાનો નકશો | ૪૨ |
| ૧૮ | સ્થાનિક જગ્યાનો નકશો પરત આપેલ તેની યાદી | ૪૩ |
| ૧૯ | મરણજનારની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરવા બાબતની યાદી | ૪૬ |
| ૨૦. | સ્થળ પરીક્ષણ અહેવાલની યાદી | ૪૯ |
| ૨૧ | સ્થળ પરીક્ષણઅહેવાલ | ૫૦ |
| ૨૨ | હથિયારબંધીનુ જાહેરનામુ | ૫૨ |
| ૨૩ | ફોરવર્ડીગ પત્ર, કપનુસર્ટી, તથા સીડીઆર | ૫૪,૫૫ |
| ૨૪ | સ્ટેશનડાયરી નો ઉતારો | ૫૭ |
| ૨૫ | સ્ટેશનડાયરીનીનોંધ | ૫૮ |
| ૨૬ | ગુનો રેકર્ડ કરવા બાબતની યાદી | ૫૯ |
| ૨૭ | મરણજનારની લાશનુ પેનલ ડોકટરથી પી.એમ કરવા બાબતની યાદી | ૬૦ |
| ૨૮ | લાશ સંભાળ્યા અંગેની પહોંચ | ૬૧ |
| ૨૯ | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમા કરેલ નોંધ | ૬૨ |

| | | |
|---|---|---|
| ૩૦. | આરોપીનો કોરોનાટેસ્ટ  તથા બ્લડ સેમ્પલ લેવાની યાદી | ૬૩ |
| ૩૧ | આરોપીને કસ્ટડીમા સંભાળી  લેવા બાબતની યાદી | ૬૪ |
| ૩૨ | પોલીસ અધિક્ષકને મોબાઇલ ની  કોલ ડીટેઇલતથા  સરનામા મળવાબાબતની યાદી | ૬૫ |
| ૩૩ | નોડલ ઓફિસર વોડાફોનને કરેલ સર્ટી ફાઇડ કોલ ડીટેઇલ તથા નામ સરનામા મળવા બાબતની યાદી | ૬૬ |
| ૩૪ | મરણજનારની  પી.એમ.નોટ મળવા બાબતનીયાદી | ૬૭ |
| ૩૫ | મુદામાલ પૃથ્થકરણ કરવા બાબતની યાદી,રવાનગી પત્ર, તથા સતાઅંગેનુ પ્રમાણપત્ર | ૬૮,૬૯ |
| ૩૬ | એફ.એસ.એલ રાજકોટને મુદામાલ મળ્યા અંગેની પહોંચ | ૭૦ |
| ૩૭ | એફ.એસ.એલ રાજકોટનો ફોરવર્ડીગ પત્ર | ૭૧ |
| ૩૮ | એફ.એસ.એલ રાજકોટનો સીરોલોજી તથા બાયોલોજી પરીક્ષણઅહેવાલ | ૭૨ |
| ૩૯ | આરોપીના કોરોના ટેસ્ટ તથા સેમ્પલલેવા બાબતની યાદી | ૭૫ |
| ૪૦ | આરોપીનુઓપીડી કેસ પેપર્સ અસલ | ૭૬ |
| ૪૧ | આરોપીનુ સેમ્પલ  કલેકશન  ફોર્મ | ૭૭ |
| ૪૨ | કલોઝીંગ પુરસીસ | ૭૮ |

બચાવ પક્ષે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.ન | દસ્તાવેજનુ નામ | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| ૧. | --- | -- |

કોર્ટ તરફે આંકે પાડેલ દસ્તાવેજ

| અં.ન | દસ્તાવેજનુ નામ | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| | --- | --- |

<u>મુદામાલની વિગત</u>

**મુદામાલ  પાવતી  નં  ૬૮/૨૦૨૩  તા. ૨૫/૧૦/૨૩**
**મુદામાલ પાવતી નં ૬૯/૨૦૨૩      તા.૨૫/૧૦/૨૩**
**મુદામાલ  પાવતીનં૭૦/૨૦૨૩       તા. ૨૫/૧૦/૨૩**
**મુદામાલ પાવતી નં ૭૧/૨૦૨૩      તા.૨૫/૧૦/૨૩**

| આર્ટીકલ | મુદામાલની વિગત |
|---|---|

| નં. | |
|---|---|
| ૧ | એક કાપડની બેગીમા રતાશપડતી ઘાસ સાથેની માટી પ્લાસ્ટીકનુ કોથળી<br>એક કાપડની બેગીમા ઘાસ સાથેની માટી સેમ્પલ તરીકે |
| ૨. | પાવતી નં ૬૯/૨૩ એકકાચની બોટલમા બ્લડ સેમ્પલ<br>એક બોટલમા મરણ જનારના કપડા છે તે |
| ૩. | પાવતી નં ૭૦/૨૩ એક ગોલ્ડનકલરનો મોબાઇલ ફોન તુટેલ છે તથા બેટરી કુલેલછે.<br>આરોપીનુ પીળા તથા કાળા કલરનુ જેકેટ તથા બ્લુ કલરનો આખી બાયનો શર્ટ<br>એક બ્લડની શીલબંધબોટલ જેના પર સરદાર જુરાવર વાસ્કેલીયા લખેલછે. |
| ૪. | પાવતીનં ૭૧/૨૩<br>એક લાકડાના હાથાવાળુ આગળથી ગોળાઇ વાળી તીક્ષ્ણ લોખંડની ધાર વાળુ ધારીયુ |

## જજમેન્ટ

**૧.** આ કામના ફરીયાદીએ ધ્રોલ પોલીસ સ્ટેશન ગુના રજી નં ફસ્ટ ૬૫૬/૨૦૨૩ તા. ૦૩/૦૧/૨૦૨૪ના રોજ આપેલ ફરીયાદ હકીકતની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

**૨.** આ કામના આરોપીએ તા.૨૫/૧૦/૨૩ નારોજ કલાક ૧૫:૦૦ વાગ્યે વિજયભાઇ કચરાભાઇ પરમારની વાડી પાસે વાગુદડ રોડ, ધ્રોલ,જી. જામનગરમા પોતાની પત્ની હુગરી ઉપર આડા સંબધની શંકાકુશંકા કરી પોતાની પત્નીને મારી નાખવા માટે ધારીયા વડે ગળાના ભાગે તથા ડાબા ખંભા પાસે જીવલેણ ઘા મારી, મોત નિપજાવી, આરોપીએ ઇ.પી.કો કલમ-૩૦૨ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો નોંધવામા આવેલ. સદર ફરીયાદ અન્વયે જણાવેલ હકીકતના આધારે તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા વિધ્વાન ધ્રોલ ના એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ નાઓની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. જેને ફોજદારી કેસ નં. ૨૩/૨૦૨૪ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ આરોપી સામે સદરહુ ગુના અન્વયે વિધ્વાન મેજીસ્ટ્રેટ કોર્ટ દ્વારા આરોપીને

સમન્સ કાઢતા આરોપી હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપી, ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૦૯ અન્વયે સદર કેસ સેશન્સ કોર્ટમા તા. ૧૭/૦૧/૨૦૨૪ ના રોજ કમિટ કરવામા આવતા જે સેશન્સ કેસ નં. ૧૪/૨૪ થી નોધવામાં આવેલ.

૩. ત્યારબાદ આરોપીઓ અત્રેની કોર્ટમા હાજર રહેતા તેઓના વિરુધ્ધમા આંક–૦૫ થી ત્હોમતનામુ ફરમાવી, તથા આંક–૦૬ થી આરોપીનુ ગુના સંબધે નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમના વિરુધ્ધના ગુનાનો ઈન્કાર કરતા આરોપી વિરુધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે. જેમાં ફરીયાદ પક્ષે ઉપરોકત મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

૪. ઉપરોકત મુજબનો પુરાવો લીધા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળનુ આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ તેઓ વિરુધ્ધ પડેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે. તેમજ વધુમા જણાવેલ છે કે, અમોએ કોઈ ગુનો કરેલ નથી. અમો નિર્દોષ છીએ, કહેવાતો આવો કોઈ ગુનો કરેલ જ નથી. પોલીસે અમારી વિરુધ્ધ ખોટી રીતે ગુનો નોંધી અને ખોટી તપાસ કરી ખોટી રીતે ચાર્જશીટ કરેલ છે. જેથી અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૫. ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી બી.વી.વાદી દ્વારા મૌખિક દલીલ કરવામાં આવેલ છે. એ.પી.પી.શ્રીએ પોતાની દલીલમા રજુઆત કરેલ છે કે, રેકર્ડ પર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદી મરણજનારના ભાઈ થાય છે અને તેઓ મરણજનાર સાથે રહેતા હતા. આંક–૧૩થી ફરીયાદીની જુબાની જોવામા આવે તો, તેઓ તેમની બેન તથા બનેવી નેશોધવા માટે બહાર

ગયેલ અને આજુબાજુ તપાસ કરતા બેન તથા બનેવી મળેલ નહી.જેથી તેઓએ શેઠને ફોન કરેલો. શેઠવિજયભાઇ ત્યાંસ્થળપર આવી ગયેલ હતા અનેઅમોએઅમારી બેન હુંગરીને નાલામા મરણ હાલતમા જોયેલ હતી. વિજયભાઈએપોલીસને જાણ કરેલ અને બનેવીનેશોધવામાટે ફોન કરેલ પરંતુ ફોન સ્વીચ ઓફ આવતોહતો. પોલીસ અમારા બનેવી સરદારને રોડ પર જતા જોઇને પકડી લાવેલ હતી. પોલીસે બનેવીને પુછતા તેણે જણાવેલ કે તેણે મારી બેન હુંગરીને ધારીયાના ઘા મારીને મારી નાખેલ હતી. જેથી તેને આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલી. આમ ફરીયાદીએ ફરીયાદ પ્રમાણેની જ જુબાની આપેલ છે. વધુમા આંક–૮ થી ડોકટરની જુબાની જોવામા આવે તો તેમા મૃત્યુ નુ કારણ બાબતનો અભિપ્રાય શરીર પર ગળાના અને ડાબા ખભાના ભાગે થયેલા ભોકાયેલો ઘા પ્રકારની ઈજાઓના લીધે લાગેલ હેમરેજીકશોકથી થયેલ છે. સાહેદ વિજયભાઈ જે વાડી ના માલીક છે તેઓએ મરણજનારનુ ગળુ કપાયેલ હતુ તેવી લાશ જોયેલી. વધુમા દલીલ કરેલ છે કે, આંક–૧૮ થી મરણજનારની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ રજુ છે. પંચોએ ઈન્કવેસ્ટ પંચનામાને સમર્થન આપેલ છે. તેમજ એકઝીકયુટીવ મેજી નટવરલાલ દવેનાઓએ પણ આંક–૪૫ થી પોતાની જુબાનીમા ઈન્કવેસ્ટ પંચનામાને સમર્થન આપેલ છે. બનાવવાળી જગ્યાનુ પંચનામુ આંક–૨૦ થી રજુ છે. આ પંચનામાના પંચ સાહેદોએ પંચનામાને સમર્થન આપેલ નથી , પરંતુ તપાસ કરનાર અમલદારે પંચનામાને સમર્થન આપેલ છે. આંક–૩૫ થી સાહેદ દેસીંગભાઈ ચમારીયા અને આંક–૩૭ થી કાદુભાઈ ચમારીયાનાઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ છે. આ ઉપરાંત આંક–૩૮ થી રઘુવીરસિંહ મંગુભા ઝાલા કે જેઓએ બનાવવાળી જગ્યાનો નકશો બનાવેલ હતો તેઓને તપાસેલ છે. આ સાહેદે નકશાને સમર્થન આપેલ છે. સાહેદ દશરીબેનને આંક–૪૪ થી તપાસવામા આવેલ છે અને

આ સાહેદે પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ છે. આંક–૪૮ થી ડોકટર અસ્તીત્વ કે જેઓ મોબાઈલ વાનના એફ.એસ.એલ અધિકારી છેતેઓએ તથા આંક–૫૧ થી કલેકટર કચેરી જામનગરના સાહેદે અનુક્રમે સ્થળ પરીક્ષણ અહેવાલ તથા હથિયારબંધીના જાહેરનામાને સમર્થન આપેલ છે. ત્યારબાદ આંક–૫૩ થી વોડાફોનના નોડલ ઓફિસરનાઓને તપાસેલ છે અને તેઓએ આરોપીના મોબાઈલ નંબરના સીડીઆર રજુ રાખેલ છે. આંક–૫૬ થી તપાસ કરનાર અધિકારીનાઓને તપાસેલ છે. જેઓએ સમગ્ર તપાસનુ વિસ્તૃત વર્ણન કરેલ છે તથા ડીસ્કવરી પંચનામુ કરી આરોપીએ ગુનામા વાપરેલ હથિયાર ધારીયુ કબજે લીધેલ છે. આ ધારીયા ઉપર રતાશ પડતા ડાઘ જોવા મળેલા છે. તપાસ કરનાર અમલદારે બનાવવાળી જગ્યાએથી લીધેલ માટીના સેમ્પલ, મરણજનારના તથા આરોપીના બનાવ સમયે પહેરેલ કપડા તથા આરોપીના બ્લડ સેમ્પલ તથા મુદામાલ હથિયાર એફ.એસ.એલ કચેરી રાજકોટ ખાતે પૃથ્થકરણ માટે મોકલતા હથિયાર ઉપર માનવ રુધિરની હાજરી સ્પષ્ટ થાય છે. આ કામે સમગ્ર કેસ ધ્યાને લેતાં, આરોપી ને મરણજનાર સાથે ફરીયાદીએ જોયેલ હોય, અને ત્યારબાદ મરણજનાર ઘવાયેલી હાલતમાં મૃત સ્થીતીમાં મળી આવેલ હતા આથી '' લાસ્ટ સીન ટુગેધર'' ના સિંધ્ધાત મુજબ આરોપીએ એ પુરવાર કરવુ પડે કે, મરણજનારનુ મૃત્યુ નિપજાવવામાં આરોપીએ કોઈ ભાગ ભજવેલ નથી તેવુ દર્શાવવામા આરોપી નિષ્ફળ ગયેલ છે. ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામા સફળ ગયેલ હોય, આરોપીને કાયદામાં ઠરાવ્યા મુજબ મહતમ સજા કરવા અરજ કરેલ છે.

૬. બચાવ તરફે વિ.વ.શ્રી કે.કે.ઝાલા એ દલીલ કરતા જણાવે છે કે,મરણજનાર પત્ની અને પતિ આરોપી છે. સદરહુ કેસ સાંયોગિક પુરાવા પર આધારિત છે. ફરીયાદી ઘરમા સુતા હતા

અને તેમની બેન,બનેવી તથા છોકરાઓ ઓરડીની બહાર સુતા હતા. આરોપીની દીકરીઓ સારીકા અને પીરા હતી. સવારના સાડા ચાર વાગ્યે સારીકા બહાર સુતી હતી. અને મારી નિંદર ઉડેલી ત્યારે સારીકા રોતી હતી કેમ કે તેના ખાટલા પર સુતેલા તેના મમ્મી પપ્પા એટલે કેમારી બેન હુંગરી તથા સરદાર હાજર ન હતા.જેથી છોકરી રડતી હોય મારા બેન બનેવીને શોધવા બહાર ગયેલ પણ તેઓને મળેલા નહી. જેથી શેઠને ફોન કરેલો અને મારા ભાઈને પણ ફોન કરેલો અને બેન મુંગરીને નાલામા મરણ હાલતમા જોયેલ હતી.શેઠે પોલીસ ને જાણ કરેલ હતી જેથી પોલીસે આવી ને મને પુછપરછ કરતા તેઓ ઘરની ઓસરી બહાર સુતા હતા બેન બનેવી ખાટલામા નમળતા પુત્રી સારીકા રડતી હતી જે તપાસ કરવા આવેલો ત્યારે બનાવની જાણ થયેલ હોવાનુ જણાવેલ.આ કામે નજરે જોનાર કોઈ સાહેદ નથી. પંચોઆ કામે હોસ્ટાઈલ જાહેર થયેલા છે.મરણ જનારના ભાઈ બનાવ વખતે ધ્રોલ મુકામે હતા. પતિ પત્ની વચ્ચે કોઈ વાંધો કે તકરાર હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવતો નથી. વધુમા આઈ.ઓ ને તપાસેલ છે તેઓએ જે ભાગમા આરોપી અને તેની પત્ની વાડીમા વાવતા હતા તે ભાગ અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો કબજે કરેલ નથી. આ કામે આરોપી પાસે મરણજનારનુ મોત નિપજાવવા પાછળ નો હેતુ શુ હતો તેમજ બનાવ અંગેનો કારણ શુ હતુ તે ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. માત્ર '' લાસ્ટ સીન ટુ ગેધરના'' ના સિંધ્ધાત મુજબ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.આમ, ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૭. ઉપરોકત સંજોગોમા આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપિસ્થત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે,આરોપીએ તા.૨૫/૧૦/૨૩ નારોજ કલાક ૧૫:૦૦ વાગ્યે વિજયભાઇ કચરાભાઈ પરમારની વાડી પાસે વાગુદડ રોડ, ધ્રોલ,જી. જામનગરમા પોતાની પત્ની હુગરી ઉપર આડા સંબધની શંકાકુશંકા કરી પોતાની પત્નીને મારી નાખવા માટે ધારીયા વડે ગળાના ભાગે તથા ડાબા ખંભા પાસે જીવલેણ ઘા મારી, મોત નિપજાવી, આરોપીએ ઈ.પી.કો કલમ-૩૦૨ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

૮. ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ

## // કારણો //

૯. ફરીયાદ પક્ષે સાહેદ નં ૧ તરીકે ડો.મેહુલ ચીમનભાઇ ઉપાધ્યાયને આંક-૦૮ થી સોગંદ પર તપાસેલા છે. સદર સાહેદની જુબાની ધ્યાને લેતાં, તેઓ તા. ૨૫/૧૦/૨૦૨૩ નારોજ સાંજના કલાક ૪:૦૦ વાગ્યે સાથી ડોકટર હરેશ જે. પરમાર સાથે ફરજ પર હાજર હતા તે દરમ્યાન ધ્રોલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ પી.જી.કનારા દ્રારા એક શબ પી.એમ. માટે મોકલાયેલ. પોલીસ કોન્સ્ટેબલ એચ.જે.જાડેજા લઇ આવેલ. તેમજ આ શબ હુગરીબેન વા.ઓ સરદાર જોરાવર વાસ્કેલીયાનુ છે તેવુ ઓળખી બતાવેલ. શબ પરીક્ષણ ના જરુરી કાગળો જેવા કે પોલીસ યાદી મરણોતર ફોર્મ, ઇન્કવેસ્ટ પંચનામુ, અને સરકારી હોસ્પીટલ ધ્રોલના મેડીકલ ઓફિસરનો રીફર લેટર, પોલીસ કોન્સ્ટેબલ એચ. જે. જાડેજા શબ સાથે લઈ આવેલ આ બધા કાગળો અને શબ તા.૨૫/૧૦/૨૦૨૩નારોજ બપોરે ૪:૧૫ વાગ્યે

રીસીવ કરી પી.એમ. કરવા શબ પરીક્ષણની પ્રક્રિયા તે જ દિવસે બપોરે ૪:૧૫ એ શરુ કરી ૫:૩૦ કલાકે પુર્ણ કરેલ. શબનુ બાહ્ય પરીક્ષણ કરતા શબ ૨૬ વર્ષની ઓળખાયેલી સ્ત્રીનુ હતુ ચાદરથી ઢકાયેલ હતુ. તેણીએ જે કપડા પહેરેલ હતા તેના પર લોહીના નિશાન હતા. તેમજ પોલકાના ડાબી બાઈમા ૧૬ x ૯ સે.મી. નો કાપો અનિયમીત હતો. શબના જમણા હાથમા કોણી અને કાંડાની વચ્ચે ૫.૪ x ૪ સે.મી. સાઈઝનો ટેટુ માર્ક હતો. જેમા ૐ ઓમ અને હુગરીબેન રમેશભાઇ તેવુ હિન્દીમા લખેલ હતુ. શબ મધ્યમ બાંધાનુ અને અડીને જોતા ઠંડુ હતુ. પી.એમ. લીવીડીટી શરીરના પાછળના ભાગમા જોવા મળતી હતી અને ફીકસ થયેલી હતી. ચહેરા ઉપર અને ગળાના ભાગે લોહી જામેલુ હતુ. બંને આંખો ખુલ્લી હતી અને આંખની કીકી પહોળી અને ફીકસ હતી. મોઢુ અર્ધખુલ્લુ હતુ અને જીભ મોની અંદર હતી. બંને હાથના નખમા સાઈનોસીસ જોવા મળતુ હતુ બંને હાથ બંને પગ અને છાતીના ભાગે લોહી જામેલાના નિશાન હતા. બાહ્ય જનનાંગો પર કોઇ ઈજા જોવા મળેલ નહી. બંને હાથ તથા બંને પગ સીધા અને શરીરને સમાંતર હતા. શરીરના બાહ્ય પરીક્ષણ અંગેની વિગતો જણાવેલ છે.

શબ પરીક્ષણ દરમ્યાન મૃતકના શરીર પર પહેરેલ કપડા તેમજ શરીરમા લોહીનો નમુનો સફેદ કપડાના ટુકડા પર અને વેકયુટીમા લીધેલો તેમજ તે શીલબંધ કરીને પી.એમ. રીપોર્ટની અસલ કોપી સાથે ધ્રોલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ એમ.પી. મોરીને તા. ૦૯/૧૧/૨૦૨૩ ના રોજ સોંપેલો. શબનુ પરીક્ષણ કર્યા બાદ મારા તથા મારા સાથી ડો. હરેશ જે પરમારના અભિપ્રાય મુજબ તેમનુ મૃત્યુ શરીર પર થયેલા ભોકાયેલા ઘા (ચોપ વુન્ડ) પ્રકારની ઈજાઓના લીધે લાગેલ હેરેજીક શોકથી થયેલ છે. તેઓ પી.એમ. કરવા માટેની પોલીસ યાદી આંક–૦૯ થી તથા મરણજનારનુ અસલ મરણોતર ફોર્મ આંક–૧૦ થી, અસલ શોર્ટ રીપોર્ટ આંક–૧૧ થી તથા અસલ

પી.એમ. રીપોર્ટ આંક–૧૨ થી રજુ રાખેલ છે. જેમાં પોતાની સહી તથા પેનલ ડોકટરની સહી ઓળખી બતાવેલ છે. સદર સાહેદની બચાવ પક્ષે ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, શબનુ પરીક્ષણ કરવા મારી પાસે આવેલ ત્યારે મે સાથે આવેલ કાગળોમા ઈન્કવેસ્ટ પંચનામુ, મરણોતર ફોર્મ, પોલીસ યાદી વિગેરે કાગળોનો અભ્યાસ કરી અને પી.એમ. કરેલુ. કોઈપણ ઈજાની ઉમર નકકી કરવા માટે ઈજામા રહેલ કલર મહત્વનો ભાગ હોય છે. એ વાત ખરી છે કે, પોલીસે કોઈ મારુ નિવેદન લીધેલ નથી. પોલીસે મને કોઈ હથિયારો કે કપડા બતાવી મારો અભિપ્રાય લીધેલ નથી. એ વાત ખરી છે કે, હોજરીમા ખોરાક શુ હતો તે અંગે પી.એમ. રીપોર્ટમા નોંધ નથી. એ વાત ખરી છે કે આવી ઈજાઓ કોઈપણ ધારદાર  હથિંયારમા ભટકાય તો પણ સંભવી શકે. કોઈપણ વ્યકિતની લાશ ગટરમાં જયાં પાણી વહેતુ હોય તે જગ્યાએ હોય તો લોહી પણ પાણી સાથે વહી જાય છે. એ વાત ખરી છે કે, શબના કોઈ વાયટલ પાર્ટ એટલે કે માથામા ઈજા જોવા મળેલ નહી.

ઉપરોકત સાહેદની જુબાનીનુ કાળજીપુર્વક મુલ્યાંકન કરતા મરણજનારના ગળામાં આગળની બાજુએ ૧૩.૬ x ૧૨ સે.મી. નો ત્રાસો ભોકાયેલો ઘા (ચોપ વુન્ડ) જોવા મળેલ હતો. જે ગળામાં ચામડી, સ્નાયુઓ તેમજ નાની મોટી લોહીની નળીઓ, થાઈરોડ કાર્ટીલેજ, શ્રવાસનળી અને અન્નનળીને કટ કરી પાછળ સી–૪ ના મણકામા ફ્રેકચર કરતો હતો. આ ઉપરાંત ડાબા ખંભામા બહારની બાજુ ૧૪.૨ x ૬.૯ સે.મી. નો ભોકાયેલો ઘા (ચોપ વુન્ડ) જોવા મળેલો. જે ખંભાથી લઈને પીઠના પાછળના ભાગ સુધી ૪.૬ સે.મી. ઉંડો હતો અને અંદરની બાજુ સ્નાયુ, લોહીની નળીઓ અને હાડકાને કાપતો હતો. આ ઉપરાંત જમણા સાથળમા ૧૨.૩૩ x ૬.૨ સે.મી લાલાશ પડતો ભુખરા કલરનો ઉઝરડો જોવા મળેલ હતો. ઉપરોકત સાહેદના અભિપ્રાય મુજબ મરણજનારનુ મૃત્યુ

ઉપરોકત ગળા અને ડાબા ખંભાના ભાગે થયેલા ભોકાયેલા ઘા ના લીધે હેમરેજીક શોકથી થયેલ છે. પરંતુ આ કામે તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી ની હાજરીમાં ડીસ્કવરી પંચનામા મુજબ કબજે લેવાયેલ હથિયાર સદરહુ સાહેદને બતાવી, ઉપરોકત ઈજા આ પ્રકારના હથિયારથી થઈ શકે કે કેમ તેવો અભિપ્રાય મેળવવામા આવેલ નથી. આ ઉપરાંત સરતપાસમા પણ ઉપર જણાવ્યા મુજબની ઈજાઓ કેવા પ્રકારના હથિયારથી થઈ શકે તેવુ રેકર્ડ પર આ સાહેદની જુબાનીમાં લાવવામા આવેલ નથી.

૧૦. ફરીયાદ પક્ષે સાહેદ નં ર અબી ચમારીયા ભુરલા કે જેઓ આ કામે ફરીયાદી છે. તેઓને આંક–૧૩ થી સોગંદ પર તપાસેલા છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતાં, મરણજનાર ફરીયાદીના બહેન હતા ફરીયાદી આરોપી અને મરણજનાર સાથે વાગુદડ મુકામે વિજયભાઈની વાડીમા રહેતા હતા અને તેઓ સાથે આરોપી અને મરણજનારની દીકરીઓ સારીકા અને પીરા રહેતી હતી તેમજ ફરીયાદીના મોટાબેન આલબાઈની પુત્રી દશરી તથા દીકરો શીલુ આવેલ હોય બધા સાથે હતા. બનાવના દિવસે ફરીયાદી ઘરમાં સુતા હતા જયારે આરોપી અને મરણજનાર તથા તેમના બાળકો અને ભાણેજ શીલુ મકાનની ઓરડીની બહાર સુતા હતા. ત્યારબાદ સવારના ૪:૩૦ વાગ્યે સારીકા બહાર સુતી હતી અને ફરીયાદી જાગી ગયેલા ત્યારે સારીકા રોતી હતી કેમ કે, તેના ખાટલા પર સુતેલા તેના મમ્મી પપ્પા એટલે કે મરણજનાર તથા આરોપી હાજર ન હતા. જેથી ફરીયાદી પોતાના બેન બનેવીને શોધવા માટે બહાર ગયેલ પરંતુ તેઓ મળેલા ન હતા. ત્યારબાદ ફરીયાદીએ પોતાના શેઠને અને દેસીંગભાઈને ફોન કરેલો હતો. ફરીયાદીના શેઠ વિજયભાઈ ત્યાં સ્થળ પર આવી ગયેલા અને આ લોકોએ મરણજનારને નાળામા મરણ હાલતમા જોયેલી હતી. જેથી વિજયભાઈએ પોલીસ ને ફોન કરી જાણ કરેલી. ફરીયાદીએ વધુમા જણાવેલ છે કે, હુ ઘરની ઓસરી બહાર

સુતો હતો અને મારા બેન બનેવી ખાટલામા ન મળતા તેની પુત્રી સારીકા રડતી હતી જેથી હુ તપાસ કરવા આવેલો ત્યારે અમોને આ બાબતની જાણ થયેલ હતી. પોલીસે મરણજનારની લાશ ધ્રોલ સરકારી દવાખાને લઈ આવેલા ત્યાં પોલીસે તેણીને મરણ ગયેલ છે તેવુ જણાવેલ. ત્યારબાદ બનેવી સરદારને ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો અને અમારા બનેવી સરદારને પોલીસ પકડી લાવેલ હતી. સરદારે જણાવેલ કે, મરણજનારને તેણે ધારીયાના ઘા મારી મારી નાખેલ હતી. બનાવનુ કારણ મને ખબર નથી. પોતાની ફરીયાદમા સહી ઓળખી બતાવતા આંક-૧૪ થી ફરીયાદ રેકર્ડ પર લેવામા આવેલ છે. આંક-૧૪ વાળી ફરીયાદ જોવામા આવે તો, તેમાં ફરીયાદીએ એવુ લખાવેલ છે કે, '' આજરોજ તા.૨૫/૧૦/૨૩ ના સવારના ચારેક વાગ્યાની આસપાસ મારી બેન હુંગરી સંડાસ કરવા માટે વાડીની બહાર ગયેલ હતી અને મારા બનેવી સરદાર પણ તેની પાછળ વાડીની બહાર ગયેલ હતા જેથી મને એમ કે, મારા બેન બનેવી સંડાસ કરવા માટે બહાર ગયેલ હશે. ત્યારબાદ પાંચેક વાગ્યા સુધી મારા બેન બનેવી ઓરડીએ આવેલ નહી જેથી મે તુરત જ મારી બનેવી સરદારને ફોન કરતા તેનો મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. બાદ સવારના અજવાળુ થતા સાડા છએક વાગ્યાની આસપાસ અમો વાડીની આજુબાજુ શોધતા હતા તો મારી બનેવી હુંગરીની દીકરી પીરા અને મારો ભાણેજ શીલુ બંને દોડીને મારી પાસે આવેલ અને વાડીથી થોડે દુર નાલા પાસે મારી બહેન હુંગરી સુતેલ પડી હોવાની વાત કરેલ જેથી હુ તરત ત્યાં ગયેલ અને જોયુ તો મારી બહેન હુંગરીના ગળાના ભાગે તથા ડાબા ખંભા પાસે તીક્ષ્ણ હથિયાર વડે ઘા મારેલ હતા લોહી લુહાણ હાલતમા સુતેલી પડેલ હતી'' આવી કોઈ જ હકીકત ફરીયાદીએ પોતાની સરતપાસમાં જણાવેલ નથી. આ ઉપરાંત ઉલટતપાસની હકીકતો ધ્યાને લેતાં, ફરીયાદીએ બનાવ નજરે જોયેલ નથી. ફરીયાદીએ કબુલ રાખેલ છે કે પોલીસવાળા

આરોપીને અલગ રુમમા લઈ ગયેલા અને ફરીયાદી બહાર હતા અને ફરીયાદીને આરોપી સાથે કોઈ વાતચીત થયેલ નથી. ફરીયાદીએ પોતાની પોલીસ સમક્ષની ફરીયાદમા બનાવનુ કારણ એવુ દર્શાવેલ છે કે, મારા બનેવી સરદાર મારી બેન હુંગરી ઉપર અવાર નવાર આડા સંબધની શંકા કુશંકા કરતા હોય, અને મારા બેન બનેવી અવાર નવાર ઝઘડાઓ પણ કરતા હતા જેથી મારા બનેવીએ આડા સંબધની શંકા કરી, મારી નાખવા માટે ધારીયાના જીવલેણ ઘા મારી, મોત નિપજાવેલ છે. જયારે ફરીયાદીએ કોર્ટ રૂબરૂની જુબાનીમા એવુ જણાવેલ છે કે, આ બનાવના કારણની મને ખબર નથી. વધુમાં ફરીયાદી અબીએ પોતાની સરતપાસમાં પેરા–૨ માં એવુ જણાવેલ છે કે, બનાવના દિવસે હુ ઘરમા સુતો હતો. જયારે તે પેરામા આગળ એવુ જણાવેલ છે કે, હુ ઘરની ઓસરી બહાર સુતો હતો.આમ ફરીયાદી ઘરમા સુતા હતા કે ઘરની બહાર જયા તેમના બેન બનેવી સુઈ ગયા હતા ત્યાં સુતા હતા તે જ સ્પષ્ટ થતુ નથી. આમ, ફરીયાદીની સમગ્ર જુબાની ઘ્યાને લેતાં આરોપીને આ ગુનાના કામે સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ પર આવતો નથી. આ ઉપરાંત ફરીયાદીએ આરોપીને મરણજનાર સાથે છેલ્લે જોયેલા હોય તેવુ પણ ફરીયાદીની જુબાનીથી રેકર્ડ પર આવતુ નથી.

**૧૧.** ફરીયાદ પક્ષે સાહેદ નં ૩ તરીકે વિજયભાઈ કચરાભાઈ પરમારને સોગંદ પર તપાસેલા છે. આ સાહેદની જુબાની ઘ્યાને લેતાં, આ સાહેદ વાગુદડ મુકામે ખેતીવાડી ધરાવે છે અને તેમને ત્યાં વાડીએ મજુરી કામ અર્થે સરદાર (આરોપી) તથા તેની પત્ની તથા તેના ત્રણ બાળકો અને સાળો રહેતા હતા. આ સાહેદ ઉપર આરોપીના સાળા અબીભાઈનો ફોન આવેલો કે, તમો વાડીએ આવો મારી બેનને મારો બનેવી મારીને જતો રહેલ છે. જેથી આ સાહેદ તથા તેના પત્ની અને બીજા છોકરાઓ ત્યાં વાડીએ ગયેલા અને ત્યાં અબીની બહેન અર્ધનગ્ન હાલતમા અને ગળુ કપાયેલી હાલતમા જોવા મળેલ

જેથી આ સાહેદે પોલીસને ફોન કરેલો અને પોલીસ આવી ગયા બાદ પોલીસના કહેવાથી મરણજનારના સગા વહાલાઓને ફોન કરીને બોલાવેલા. સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, તેથી તેઓને ફરી ગયેલા જાહેર કરી અને ઉલટતપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો વિધ્વાન એ.પી.પી. શ્રી દ્વારા પુછવામા આવતા સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, હુંગરીબેન લોહીલુહાણ હાલતમા હતી, ડાબા ખંભા પાસે હથિયાર વડે ઘા મારેલા હતા અને અબીને બનાવ બાબતે પુછતાં અબીએ તા. ૨૩/૧૦/૨૩ ના રોજ સવારના ચારેક વાગ્યાની આસપાસ હુંગરીબેન અને આરોપી સરદાર સંડાસ કરવા બહાર ગયેલા અને તે પછી પાંચેક વાગ્યા સુધી આવેલા નહી જેથી સરદારને ફોન કરતા તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો, તેવી હકીકતો પોતે પોતાના નિવેદનમા લખાવેલાનો ઈન્કાર કરેલો છે. પરંતુ પોતે મોટર સાયકલ લઈ ધ્રોલ સરકારી હોસ્પીટલ ગયેલાનુ તથા થોડીવાર પછી સરદારનો પોતાના મોબાઈલમા ફોન આવેલો અને વાત કરેલ કે, મે મારી પત્ની હુગરીબેનને ધારીયા વડે મારેલ છે અને હુ વાડીએથી ભાગી ગયેલ છુ, તેવી હકીકત પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવ્યાનો સ્વીકાર કરેલ છે. પરંતુ ઉલટતપાસ જોવામા આવે તો, આ સાહેદે બનાવ વિશે કઈ જાણતા ન હોવાની અને પોલીસને બનાવ બાબતે કંઈ જ લખાવેલ ન હોવાની કબુલાત કરેલ છે તથા આરોપી સરદાર સાથે ફોનમા કોઈ વાતચીત થયેલી નથી તેવુ પણ કબુલ રાખેલ છે. આમ, આ સાહેદ ઉલટતપાસમાં પોતાની સરતપાસમા જણાવેલ હકીકતોને વળગી રહેલ ન હોય, આ સાહેદની જુબાની વિશ્વાસપાત્ર જણાતી નથી.

**૧૨.** ફરીયાદ પક્ષે સાહેદ નં ૪ તરીકે પંચ સાહેદ ભાવીનભાઈ દયાળજીભાઈ પરમારને આંક–૧૭ થી સોગંદ પર તપાસેલા છે તેઓ આંક–૧૮ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ છે. તેમજ તેઓ આ પંચનામાના પંચ નં ૧ તરીકે પોતાની તેમજ

પંચ નં. ૨ તરીકે ભાવનાબેનની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત ફરીયાદ પક્ષ દ્વારા ઈન્કવેસ્ટ પંચનામુ જે એકઝીકયુટીવ મેજી. સમક્ષ કરવામા આવેલુ તેઓ શ્રી આશુતોષ નટવરલાલ દવેનાઓને આંક–૪૫ થી સોગંદ પર તપાસેલ છે. આંક–૧૭ થી તથા આંક–૪૫ થી બંને જુબાનીઓ ધ્યાને લેતાં, આંક–૧૮ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ પુરવાર થયેલ છે. આ પંચનામા મુજબ તેમજ પી.એમ રીપોર્ટ મુજબ મરણજનારનુ મોત ગળાના ભાગે તેમજ ડાબા ખંભા પાસે તીક્ષ્ણ હથિયાર વડે ગંભીર ઈજા થવાથી થયેલાનુ પુરવાર થાય છે.

**૧૨.૧** આ ઉપરાંત સાહેદ નં ૫ તરીકે પંચ સાહેદ ચંદ્રેશભાઈ જીવરાજભાઈ પરમારને આંક–૧૯ થી તપાસેલા છે. આ સાહેદ આંક–૨૦ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. આ સાહેદ પોતે ઉપરોકત પંચનામામા પંચ નં ૧ તરીકે પોતાની તથા પંચ નં. ૨ તરીકે ગોરધનભાઈની સહી ઓળખી બતાવેલ છે. આ સાહેદે સ્પષ્ટ રીતે જણાવેલ છે કે ગુનાવાળી જગ્યાએ એક સ્ત્રીની લાશ હતી અને તે લાશ ઉપર ગળાના ભાગે તથા ડાબા હાથે તીક્ષ્ણ હથિયારથી ઘા લાગેલા હતા અને ત્યાંથી પોલીસે લીલુ ઘાસ તથા સુકુ ઘાસ, તથા લોહીવાળી માટીના સેમ્પલ લીધેલા. હવે આંક–૨૦ વાળુ પંચનામુ જોવામા આવે તો તેમા એવો ઉલ્લેખ છે કે, બનાવવાળી જગ્યાએ મરણજનારની લાશ પડેલ હોય તે જગ્યાએ ભોય તળીયેથી રતાશ પડતી ઘાસ સાથેની માટી એક પ્લાસ્ટીકની કોથળીમા લઈને કોથળી કપડાની બેગીમા મુકી અમો પંચો તથા પોલીસની સહીઓવાળી ચીઠ્ઠી ચોડી મુકી લાખ દોરાથી સીવી પો.સ.ઈ ધ્રોલ પોલીસ સ્ટેશનના હોદાનુ સીલ કરેલ અને તે જ પ્રમાણે સદરહુ રતાશ પડતા ઘેરાવાથી થોડે દુર રહેલ ઘાસવાળી માટી કંટ્રોલ સેમ્પલ તરીકે લઈ પ્લાસ્ટીકની કોથળીમા મુકી કપડાની બેગીમા મુકી ઉપર મુજબ સીલ કરેલ. આમ, આ હકીકત ધ્યાને લેતાં, ઉપરોકત સેમ્પલોના સીલીંગની કાર્યવાહી બનાવ સ્થળ ઉપર કરવામા આવેલાનો ઉલ્લેખ છે. પરંતુ સાહેદે

ઉલટતપાસમાં કબુલેલ છે કે, પોલીસે કાર્યવાહી કરી લખાણ તૈયાર કરી મને સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. પોલીસે મારી એક સહી લીધેલી. પોલીસે પંચનામાની વિગતે જે પણ કબજે કરેલુ તેનુ સીલ ત્યાં જ કરેલુ. આ સીલ કરવાનો સામાન પોલીસ પાસે ભેગો ન હતો પરંતુ પોલીસ સ્ટેશને હતો. આમ, જયારે સીલ કરવાનો સામાન પોલીસ પાસે પંચનામા વખતે ન હતો તો પંચનામાની વિગતે કબજે લેવાયેલ સેમ્પલોનુ સીલીંગ ની કાર્યવાહી બનાવ સ્થળે કેવી રીતે કરી શકાય? આમ, આ પંચનામાની વિગતે કબજે લેવાયેલ સેમ્પલો બનાવ સ્થળે જ સીલ કરવામા આવ્યા હોય તેવુ સ્પષ્ટપણે પુરવાર થતુ નથી.

**૧૨.3** આ કામે સાહેદ નં ૬ તરીકે પંચ સાહેદ ભુપેન્દ્રસિંહ પ્રભાતસિંહ ને આંક–૨૧ થી તથા પંચ સાહેદ ચનાભાઈ રતાભાઈ મુંધવાને આંક–૨૭ થી સોગંદ પર તપાસેલા છે. જેઓ આંક–૨૨ ના મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેઓ પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ આ બંને સાહેદોની જુબાની ધ્યાને લેતા તેઓએ આંક–૨૨ વાળા પંચનામાને માત્ર સહી પુરતુ જ સમર્થન આપેલ છે. પરંતુ આ કામે તપાસ કરનાર અમલદારે પોતાની જુબાનીમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, આરોપીના બ્લડ સેમ્પલ માટે યાદી કરી આરોપીનુ બ્લડ સેમ્પલ લેવડાવેલ અને ડોકટરશ્રીએ આપેલ સીલબંધ બ્લડ સેમ્પલ બે પંચોને સાથે રાખી પંચનામાની વિગતે કબજે કરેલ. આમ, તપાસ કરનાર અમલદારની જુબાની ધ્યાને લેતા આંક–૨૨ વાળા પંચનામાની વિગતે આરોપીના બ્લડ સેમ્પલ કબજે લેવાયેલાનુ પુરવાર થાય છે.

**૧૨.૪** આ કામે સાહેદ નં ૭ તરીકે પંચ સાહેદ અરવિંદભાઈ રતીલાલ ચાવડાને આંક–૨૩ થી તથા પંચ સાહેદ નં. ૯ સિધ્ધરાજસિંહ અનોપસિંહને આંક–૩૦ થી સોગંદ પર તપાસેલા છે. જેઓ આંક–૨૪ ના મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેઓ પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ આ બંને સાહેદોની જુબાની ધ્યાને લેતા

તેઓએ આંક–૨૪ વાળા પંચનામાને માત્ર સહી પુરતુ જ સમર્થન આપેલ છે. પરંતુ આ કામે તપાસ કરનાર અમલદારે પોતાની જુબાનીમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, આરોપી મળી આવતા આરોપીની શરીર સ્થીતીનુ પંચનામુ કરેલ અને તે પંચનામાની વિગતે આરોપીને અટક કરેલ. તે દરમ્યાન પંચનામાની વિગતે આરોપીએ બનાવ સમયે પહેરેલા કપડા તથા મોબાઇલ બે પંચોની હાજરીમાં કબજે કરેલ. આમ, પંચોએ આંક–૨૪ વાળા પંચનામાને સમર્થન આપેલ ન હોય પંરતુ તપાસ કરનાર અલમદારની જુબાની ધ્યાને લેતાં, આંક–૨૪ વાળા પંચનામાની કાર્યવાહી પંચોની હાજરીમા કરવામા આવેલાનુ તથા તે દરમ્યાન આરોપીએ બનાવ સમયે પહેરેલા કપડા તથા મોબાઇલ આરોપી પાસેથી કબજે કર્યાનુ પુરવાર થાય છે.

**૧૨.૫** આ કામે સાહેદ નં ૧૦ તરીકે જેન્તીગીરી ચંદુગીરી ગોસ્વામીને આંક–૩૧ થી સોગંદ પર તપાસેલા છે. તથા સાહેદ નં ૧૧ તરીકે પંચ સાહેદ વિજયભાઇ લવજીભાઇને આંક–૩૪ થી સોગંદ પર તપાસેલા છે. આ સાહેદ આંક–૩૩ થી રજુ ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદો છે. તેમજ મુદામાલ આર્ટીકલ નં ૮ મા સફેદ કલરની પંચ સ્લીપ મા પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. જે પંચ સ્લીપ આંક–૩૨ થી આ કામે રજુ છે. આ બંને સાહેદોએ પંચનામાને માત્ર સહીઓ પુરતુ સમર્થન આપેલ છે. પરંતુ તપાસ કરનાર અમલદારની જુબાની આંક–૫૬ થી ધ્યાને લેતાં, તપાસ કરનાર અમલદારે ઉપરોકત બંને પંચોને સાથે રાખી આરોપીને સાથે રાખી સરકારી વાહન તથા પંચો તથા આરોપીની ઝડતી તપાસ કરી, પ્રાથમિક પંચનામુ કરેલ અને ત્યારબાદ પંચોની હાજરીમાં આરોપીના જણાવ્યા મુજબ સરકારી વાહન હંકારેલ અને આરોપી પોલીસ તથા પંચોને ધ્રોલ–વાગુદડ ગામ તરફ જતા રોડ પર ચારેક

કિલોમીટર રોડની ઉતર બાજુએ એક નાળીયેરીની વાડી પાસે વાહન ઉભુ રખાવી વાડીમા અંદર પ્રવેશી કપાસના ખેતરમાંથી પોતે ગુનામા વાપરેલ ધારીયુ સંતાડેલ હોવાનુ જણાવી આરોપીએ આગળ ચાલી કપાસના વાવેતરમાંથી એક ધારીયુ કાઢી આપેલ જે લાકડાના હાથાવાળુ, આગળ ગોલાઇ વાળી તીક્ષ્ણ લોખંડની ધાર વાળુ જોવામા આવેલ જેમા હાથાની લંબાઇ ૯ ઇંચ અને ધારની લંબાઇ ૧૪ ઇંચ એમ કુલ ૨૩ ઇંચની લંબાઇવાળુ હથિયાર જોવામા  આવેલ જે ધારીયા પર રતાશ પડતા ડાઘ જોવામા આવેલ. જે ધારીયુ કાપડની બેગીમા મુકી તથા પોલીસની તથા પંચોની સહીવાળી ચિઠ્ઠી ચોડી પોલીસ સબ ઇન્સ્પેકટર ધ્રોલ પોલીસ સ્ટેશનના હોદાનુ સીલ મારી પંચનામાની વિગતે કબજે કરેલ. આમ, આંક-૩૩ વાળુ પંચનામુ ભારતીય પુરાવાના કાયદાની કલમ-૨૭ મુજબ તપાસ કરનાર અમલદારની જુબાનીથી પુરવાર થાય છે. આમ, આંક-૩૩ વાળા પંચનામાની વિગતે આરોપીએ ગુનાના કામે વાપરેલ હથિયાર કબજે લેવાયેલાનુ પુરવાર થાય છે.

**૧૩**. ફરીયાદ પક્ષે  સાહેદ નં ૧૨ દેસીંગભાઇ ચમારીયાભાઇ પચાયા ને આંક-૩૫ થી સોગંદ પર તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લેતાં, તેઓ એક વર્ષ પહેલા નરેશભાઇની વાડીએ ધ્રોલ મુકામે પોતાની પત્ની તથા સાળા સાથે રહેતા હતા. ત્યારે તેઓના ભાઇ અબીનો સવારે છ વાગ્યે ફોન આવેલો કે, હુંગરીબેનને મારી નાખેલ છે અને રોડના કાંઠે ગટરમા પડેલ છે જેથી આ સાહેદ તેઓના પત્ની તથા સાળો મુકેશ બનાવ સ્થળે ગયેલા અને જોયુ તો હુંગરીબેન ગટરમા પડેલા હતા અને તેના ગળાના ભાગે તથા ખંભાના ભાગે ધારીયાથી વાગેલાના નિશાન હતા અને પોલીસવાળા આવેલા અને ગાડીમા હુંગરીબેનને ધ્રોલ હોસ્પીટલે લઇ ગયેલા ત્યાં ફરજ પરના ડોકટરે હુંગરીબેનને મરણ ગયેલાનુ જાહેર કરેલુ અને કોણે માર્યુ તેવુ પુછતા સરદારે મારેલાનુ જણાવેલ.  અબીએ આ સાહેદને જણાવેલ કે, હુગરી બેન સવારના ત્રણેક વાગ્યે સંડાસ કરવા

ગયેલી ત્યારે તેની પાછળ સરદાર ગયેલો અને તેને હુગરીબેનને મારી નાખેલી. હુગરીબેનને કયા કારણથી મારી નાખેલી તેના જવાબમા સાહેદે જણાવેલ છે કે, બે માણસ વચ્ચે જે હોય તેની શુ ખબર પડે? ત્યારબાદ સદર સાહેદની બચાવ પક્ષે ઉલટતપાસ કરવામા આવતા સાહેદે એવુ કબુલ રાખેલ છે કે, હુ ભણેલ નથી, મને ચોકકસ સમય અને તારીખ વિશે સમજાય નહી. બનાવ વખતે હુ ધ્રોલ મુકામે હતો, જેથી બનાવ કેવી રીતે બન્યો તેની મને અંગત જાત માહિતી નથી. મને અબીએ ફોન કરતા હુ બનાવવાળી જગ્યાએ ગયેલો ત્યારે અબીએ મને જણાવેલ કે, હુગરીબેન સવારે કુદરતી હાજતે ગયેલા ત્યારે, બનાવ બનેલો, તે સિવાય બીજુ કઇ કહેલ નહી. આરોપી મારા બનેવી થતા હોય તેથી ઓળખતા હોવાનુ જણાવેલ છે. આમ, આ સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ નથી. બનાવ બાબતે તેઓને કોઇ જ અંગત જાત માહિતી નથી. આ સાહેદે પણ બનાવના કારણ અંગે કોઇ જ હકીકત જાહેર કરેલ નથી. આ સાહેદે માત્ર સાંભળેલી હકીકતોને આધારે જુબાની આપેલ હોય તેઓની જુબાની પુરાવાના કાયદા મુજબ ગ્રાહય રાખી શકાય નહી.

**૧૪.** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧૩ તરીકે કાદુભાઇ ચમારીયાભાઇ પચાયાને આંક–૩૭ થી સોગંદ પર તપાસેલા છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતાં, મરણજનાર તેઓની બહેન થતા હતા, મરણજનાર તથા તેમનો પતિ અને નાનો ભાઇ અબી સાથે વાગુદડ મુકામે વાડીમા રહેતા હતા. દોઢેક વર્ષ પહેલા મારા ભાઈ અબીનો મને સવારના સાતેક વાગ્યે ફોન આવેલો. અને મને જણાવેલ કે, '' હુગરીબેન ને મારી નાખેલ છે અને રોડ કાંઠેના ખાડામા પડેલ છે'' જેથી હુ, મારી પત્ની તથા મારો મોટો દીકરો તથા બીજા લોકો રીક્ષામા બેસીને પહેલા વાગુદડ ગામે વાડીએ સવારના આઠેક વાગ્યે ગયેલા અને ત્યાં કોઈ હતુ નહી જેથી પોલીસવાળાએ કહેલ કે હુગરીબેનની લાશને ધ્રોલ સરકારી દવાખાને લઇ ગયેલ છે. જેથી અમે દવાખાને ગયેલા,

ત્યાં જઈને જોયુ તો, હુગરીબેનને પી.એમ. માટે દવાખાને રુમમા રાખેલ હતા અને તેની ડોકમા ધારીયાનો ઘા હતો અને તે લોહી લુહાણ હાલતમા હતી. તે જગ્યાએ ત્યારે મારો ભાઇ અબી હાજર હતો. અબીએ મને જણાવેલ કે, ''હુગરીબેન સંડાસ પાણી કરવા સવારના ચારેક વાગ્યે રોડના કાંઠે ગયેલી સાથે બનેવી સરદાર પણ ગયેલા તેઓ બંને છ વાગ્યા સુધી પાછા આવેલા નહી જેથી મે સરદારને ફોન લગાવતા તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો, બાદ અબીએ મને જણાવેલ કે, '' હુ આજુબાજુ શોધવા ગયેલ તો હુગરીબેન વાડીના રોડની બાજુમા રોડની બાજુમા ખાડામા પડેલી હતી અને તે લોહી લુહાણ હાલતમા હતી અને ડોકના ભાગે ધારીયા વડે કાપેલાનુ ઘા હતો'' સરદારને પોલીસે પકડી લીધેલ હતો અને બનાવની ફરીયાદ મારા ભાઈ અબીએ સરદાર જોરાવર વિરુધ્ધ કરેલી. સરદારે શા કારણે મારી બેનને મારી નાખેલી તે વિશે પુછતા જણાવુ છુ કે, મારી બેનના કોઈને કોઈ વાંક કાઢી ઝઘડા કરતો. ત્યારબાદ ઉલટતપાસમાં સાહેદે કબુલ રાખેલ છે કે, મારી બેન હુગરી બનાવના એક વર્ષ પહેલાથી વાગુદડ વાડીમા રહેવા આવેલા. આ સમયગાળા દરમ્યાન મારે વાગુદડ મારી બેનને મળવા ગયેલ નથી. મને અબીનો ફોન આવ્યો તે પહેલા ફોન ઉપર મારે મારી બેન સાથે વાત થયેલી નહી. એ વાત ખરી છે કે, બનાવ સમયે હુ મારી વાડીએ હતો તેથી મારી બેન સાથે વાગુદડમા શુ બનાવ બનેલો તેનો મને અંગત ખ્યાલ નથી. આમ, એક તરફ આ સાહેદ સરતપાસમા એવુ જણાવે છે કે,સદરાર મારી બેનના કોઈને કોઈ વાંક કાઢી ઝઘડા કરતો. પરંતુ આ સાહેદ વાગુદડ મુકામે પોતાની બહેનને મળવા ગયેલ જ નથી તેમજ અબીનો ફોન આવ્યો તે પહેલા પણ આ સાહેદની મરણજનાર સાથે ફોન ઉપર કોઈ વાતચીત થયેલી નથી. આમ, આરોપી મરણજનાર સાથે કોઈને કોઈ વાંક કાઢી ઝઘડો કરતા હોવાની હકીકત આ સાહેદના જણાવ્યા મુજબ માની શકાય તેમ નથી. આમ, આ સાહેદ બનાવના નજરે

જોનાર સાહેદ નથી. બનાવ બાબતે તેઓને કોઈ જ અંગત જાત માહિતી નથી. આ સાહેદે માત્ર સાંભળેલી હકીકતોને આધારે જુબાની આપેલ હોય તેઓની જુબાની પુરાવાના કાયદા મુજબ ગ્રાહ્ય રાખી શકાય નહી.

**૧૫.** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧૪ તરીકે રઘુવીરસિંહ મંગુભા ઝાલાને આંક-૩૮ થી સોગંદ પર તપાસેલા છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ તા. ૨૬/૧૦/૨૩ ના રોજ સર્કલ ઓફિસર તરીકે ધ્રોલ મુકામે ફરજ બજાવતા હતા અને તેઓએ બનાવાળી જગ્યાનો નકશો બનાવી આપવાની યાદી મામલતદાર શ્રીને સંબોધીને મળેલી હતી. જેથી મામલતદારશ્રીએ સદરહુ યાદી તા. ૧/૧૧/૨૩ ના રોજ ફોરવર્ડ કરેલી અને સ્થાનિક જગ્યાએ જઈ બનાવવાળી જગ્યાનો નકશો બનાવેલો. જેમા પોતાની સહી તથા હોદો ઓળખી બતાવતા આંક-૪૨ થી સદરહુ નકશો રેકર્ડ પર લેવામા આવેલ છે. આમ, આ સાહેદની જુબાની આંક-૪૨ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાનો નકશો સાહેદે બનાવ સ્થળે જઈ તૈયાર કરેલાનુ પુરવાર થાય છે.

**૧૬.** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧૫ તરીકે દસરીબેન વેરસીંગભાઇ ડાવરને આંક-૪૪ થી સોગંદ પર તપાસેલા છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતાં, બે વર્ષ પહેલા તેઓ વાડીએ હતા ત્યારે બનાવના આગલા દિવસે આઠેક વાગ્યે હુ તથા પીરા અંદરના રુમમા સુતા હતા અને બહાર શીલુ, હુગરી, સરદાર, અબી સુતા હતા ત્યારે મારા મામાએ ઉઠાડેલી અને કહેલ કે, તારા માસી તથા માસા સરદાર ચાર વાગ્યાથી નથી અને ત્યારે મારા માસીની દીકરી પીરા રડવા લાગેલી. બાદ હુ તથા મારા મામા અબી, પીરા અને શીલુ બધા સવારના સાતેક વાગ્યે મારા માસા માસીને શોધવા માટે ગયેલા ત્યારે પીરા અને સીલુએ કહેલ કે, હુગરી માર્ગમા છે જેથી હુ તથા અબી હુગરી જયા હતી ત્યાં ગયેલા અને જઈને જોયુ તો, હુગરીને ડાબા હાથમાં તથા ગળાના ભાગે કાપેલી હતી અને લોહી લુહાણ હાલતમા હતી.

ત્યારબાદ આ સાહેદે અબીએ દેસીંગભાઇને ફોન કરેલો તથા વાડી માલીકને ફોન કરેલો અને વાડી માલીકે પોલીસને જાણ કરેલી અને હુગરીને સરકારી દવાખાને ધ્રોલ મુકામે લાવેલા અને ત્યાં ડોકટરે તેણીને મૃત જાહેર કરેલી અને સરદારનો ફોન સ્વીચ ઓફ આવતો હતો અને સરદારને પોલીસે પકડી લીધેલ હતો તેવી હકીકત જણાવેલ છે અને વધુમા જણાવેલ છે કે, સરદારે મારી માસી હુગરીને મારી નાખેલી. ત્યારબાદ ઉલટતપાસમાં સાહેદે કબુલેલ છે કે, એ વાત ખરી છે કે, હુ બે દિવસ પહેલાથી મારા માસીના ઘરે વાગુદડ ગામે ગયેલી અને આ બે દિવસ દરમ્યાન હુ મારા માસી હુગરી બેન સાથે જ હતી એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મારા માસી અને સરદાર વચ્ચે કોઇ બોલાચાલી થયેલ હોય તેવી કોઇ વાત મારા માસીએ મને કરેલ નથી. આમ, આ સાહેદ બનાવના બે દિવસ પહેલાથી મરણજનાર હુગરીબેન કે જેઓ આ સાહેદની માસી થતા હોય તેઓને ત્યાં રહેવા આવેલ હતા અને આ બે દિવસ દરમ્યાન પોતાની માસીની સાથે જ હતા અને તે દરમ્યાન આરોપી સરદાર અને મરણજનાર વચ્ચે કોઇ ઝઘડો કે બોલાચાલી થયેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદ પણ બનાવના નજરે જોનાર સાહેદ નથી. જો કે સાહેદે સરતપાસમાં તેવુ જણાવેલ છે કે, સરદારે મારી માસી હુગરીને મારી નાખેલી. પરંતુ સરદારે શા કારણે મરણજનારને મારી નાખેલ હોય તેવી કોઇ જ હકીકત આ સાહેદે પોતાની સરતપાસમા જણાવેલ નથી. આમ, આ સાહેદની સમગ્ર જુબાનીમાં, આરોપીને આ ગુનાના કામે સાંકળતો સ્પષ્ટ સબળ અને સચોટ પુરાવો નીકળી આવતો નથી.

**૧૭.** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧૭ તરીકે ડો. અસ્તીત્વ જનોજકુમાર આનંદને આંક-૪૮ થી સોગંદ પર તપાસેલા છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતાં, આ સાહેદ જામનગર જિલ્લા ખાતે એફ.એસ. એલ અધિકારી તરીકે ફરજ પર હતા ત્યારે પોલીસ કન્ટ્રોલ રુમ જામનગરથી ટેલીફોનીક મેસેજ આવતા

તા.૨૬/૧૦/૨૩ ના રોજ સમય ૧૧:૦૦ થી ૧૧:૩૦ દરમ્યાન ગુનાવાળી જગ્યાનુ ઝીણવટભર્યુ નિરીક્ષણ કરેલુ અને પોતાની જુબાનીમાં ગુનાવાળી જગ્યાનુ વર્ણન કરેલ છે તથા તપાસ કરનાર અધિકારીને જે સુચનો આપેલા તે સુચનો જણાવેલ છે. આ સાહેદે પોતાનુ સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરેલો જેમાં પોતાની સહી તથા હોદાનો સીકકો ઓળખી બતાવતા, આ સ્થળ પરીક્ષણ અહેવાલ આંક-૫૦ થી રેકર્ડ ઉપર લેવામા આવેલ છે. સાહેદે ઉલટતપાસમા કબુલેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ સ્થળ ઉપર થી કોઇ વાંધાજનક વસ્તુ કે હથિયાર મારા પરીક્ષણ દરમ્યાન જોવા મળેલ નથી. આમ, આ સાહેદની જુબાનીમાં તેઓએ સ્થળ પર જે સ્થળ નીરીક્ષણ કરેલાનુ તથા અહેવાલ તૈયાર કરેલાનુ તેમજ તપાસ કરનાર અમલદારને સુચનો આપેલાનુ પુરવાર થાય છે.

૧૮. ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧૮ તરીકે શૈલેષભાઇ વિનોદભાઇ જોશીને આંક-૫૧ થી સોગંદ પર તપાસેલા છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતાં, પોતાની જુબાની દરમ્યાન આંક-૫૨ થી ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ થી કલમ-૩૭ (૧) મુજબનુ જાહેરનામુ અધિક જિલ્લા મેજી. શ્રી ભાવેશ એન. ખેર દ્વારા તા. ૭/૧૦/૨૦૨૩ ના રોજ બહાર પાડવામા આવેલુ. પરંતુ ઉલટતપાસમા સાહેદે કબુલેલ છે કે, આ જાહેરનામાની પ્રસિધ્ધી બાબતે મને કોઇ અંગત જાત માહિતી નથી. તેમજ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી બાબતેના દસ્તાવેજો પોતાની પાસે લાવેલ નથી. આમ, આંક-૫૨ વાળુ હથિારબંધી ફરમાવતુ જાહેરનામુ તા. ૯/૧૦/૨૦૨૩ થી તા. ૭/૧૧/૨૦૨૩ સુધી અમલમા હતુ પરંતુ આ જાહેરનામાની પ્રસિધ્ધી કરવામા આવી હોય તેવા કોઇ દસ્તાવેજો આ કામે રજુ કરવામા આવેલા નથી.

૧૯. ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧૯ તરીકે મૃદુલ ઉપેન્દ્રભાઇ ભટ્ટને આંક-૫૩ થી સોગંદ પર તપાસેલા છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતાં, તેઓ વોડાફોન આઇડીયા લિ. કંપનીમા નોડલ

ઓફિસર તરીકે ફરજ બજાવે છે અને પોતાની જુબાની દરમ્યાન મોબાઇલ નં ૯૯૦૪૩૬૭૬૪૪ ની સીડીઆર, સી.એ.એફ તા. ૧/૧૦/૨૩ થી તા. ૩૧/૧૦/૨૩ સુધીની તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫ (બી) (૪) (સી) મુજબનુ સર્ટીફિકેટ રજુ કરેલ છે. આ સાહેદની જુબાનીમાં આંક–૫૪ થી ફોરવર્ડીગ પત્ર તથા આંક–૫૫ થી સીડીઆર ને રેકર્ડ ઉપર લેવામા આવેલ છે. પરંતુ સદરહુ મોબાઇલ જયોતી વા.ઓ ઈન્દુ ના નામે આ સાહેદની કંપનીમાં રજીસ્ટર હોવાનુ આ સાહેદે જણાવેલ છે. હવે આ તબકકે આંક–૨૪ વાળુ આરોપીનુ અટક પંચનામુ જોવામા આવે તો, આરોપી પાસેથી એક માઇક્રોમેકસ કંપનીનો મોબાઇલ કબજે લેવામા આવેલ છે પરંતુ આમોબાઈલ ના મોબાઈલ નંબર ૯૯૦૪૩૬૭૬૪૪ વાળુ સીમકાર્ડ હતુ તેવો કોઇ જ ઉલ્લેખ પંચનામામા કરવામા આાવેલ નથી. આમ, આરોપી પાસેથી કબજે લેવાયેલ મોબાઈલમા ઉપરોકત નંબર વાળુ સીમકાર્ડ એકટીવ હતુ તેવુ પુરવાર થતુ નથી. વધુમા ઉપરોકત સાહેદનો પુરાવો ધ્યાને લેતા આ મોબાઈલ નંબર આરોપીના નામે નહી પરંતુ કોઈ જયોતીબેન વા.ઓ ઈન્દુ ના નામે રજીસ્ટર્ડ થયાનુ પુરવાર થાય છે. આ મોબાઈલ નંબર આરોપી વાપરતા હતા તેવુ ફરીયાદ પક્ષ રેકર્ડ પર પુરવાર કરી શકેલ નથી.

**૨૦.** ફરીયાદ પક્ષે સાહેદ નં. નં. ૨૦ તરીકે પ્રકાશભાઈ ગુણવંતભાઈ પનારા આંક–૫૬ થી સોગંદ પર તપાસેલા છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતાં, તેઓ આ કામના તપાસ કરનાર અમલદાર હતા. અને તેઓએ પોતાની જુબાનીમાં તપાસ દરમ્યાન જે જે કાર્યવાહી કરી તે કાર્યવાહીનુ વિસ્તૃત વર્ણન કરેલ છે. તપાસ કરનાર અમલદારે કરેલ કાર્યવાહી અંગેની ચર્ચા અન્ય સાહેદો ના પુરાવાની સમીક્ષામા તથા પુરાવાના મુલ્યાંકનમાં ઉપર ચર્ચા કરી તેમાં આવરી લેવામાં આવેલ હોય જેથી અત્રે તેનુ પુનરાવર્તન કરવામા આવતુ નથી. વધુમાં તપાસ કરનાર અમલદારે એવુ જણાવેલ છે કે, અમારી

તપાસ દરમ્યાન બનાવનુ કારણ આરોપીને પોતાની પત્ની હુગરીબેન ઉપર આડા સંબધની શંકા હતી તેવુ ખુલેલુ હતુ. પરંતુ મરણજનારના તમામ સગાઓની જુબાની જોવામા આવે તો, એક પણ સગાએ ઉપરોકત કારણસર આરોપીએ મરણજનારની મોતને ઘાટ ઉતારેલ હોય તેવુ જણાવેલ નથી. આ ઉપરાંત ઉલટતપાસમા તપાસ કરનાર અમલદારે કબુલેલ છે કે, મારી સરતપાસમા જણાવ્યા મુજબ બનાવનુ કારણ આરોપી મરણજનારના ચારિત્રય ઉપર શંકા કરતા હતા તેવુ હતુ. પરંતુ આ બાબતે કોઈ ફરીયાદ કે અરજી કરવામા આવી હોય તેવુ મારી તપાસમાં ખુલેલ નથી. આ ઉપરાંત મરણજનારને આવા કહેવાતા આડા સંબધ આરોપીના જણાવ્યા મુજબ કોની સાથે હતા તેવુ પણ તપાસમા ખુલેલ નથી. આમ, આ કારણે આરોપી પાસે મરણજનારનુ મોત નિપજાવવા પાછળ ગુનાહીત કૃત્ય કરવાનો ઈરાદો હતો તે રેકર્ડ પર પુરવાર થતો નથી.

૨૧. સદરહુ કેસમાં કોઈ જ નજરે જોનાર સાહેદ નથી. ફરીયાદ પક્ષનો કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારીત છે. સૌ પ્રથમ તો હાલના આરોપીને મરણજનારનુ મૃત્યુ નિપજાવવા પાછળનો શુ ગુનાહીત ઈરાદો હતો તે જ રેકર્ડ ઉપર પુરવાર થતુ નથી. કારણ કે, બનાવનુ કારણ રેકર્ડ ઉપર પુરવાર થયેલ નથી. વધુમાં તપાસ કરનાર અમલદારની આંક-૫૬ વાળી જુબાની મુજબ પંચોની હાજરીમાં આરોપી પાસેથી મળેલ માહિતી મુજબ આરોપીએ ગુનાના કામે વાપરેલ ધારીયુ આંક-૩૩ વાળા ડીસ્કવરી પંચનામાની વિગતે કબજે લેવાયેલ છે. જે આંક-૩૩ વાળુ ડીસ્કવરી પંચનામુ અગાઉ ચર્ચા કરી તે મુજબ પુરવાર પણ થાય છે. આ મુદામાલ હથીયાર ધારીયા ઉપર રતાશ પડતા ડાઘ પણ જોવા મળેલા છે. તપાસ કરનાર અમલદારે બનાવવાળા સ્થળેથી કબજે લીધેલ રતાશ પડતી ઘાસ સાથેની માટી (માર્ક-એ), કન્ટ્રોલ સેમ્પલ તરીકે લીધેલ ઘાસ વાળી માટી (માર્ક-બી), મરણજનારનુ બ્લડ સેમ્પલ (માર્ક-સી),

મરણજનારના કપડા (માર્ક–ડી), આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા (માર્ક –ઈ), તથા આરોપીનુ બ્લડ સેમ્પલ (માર્ક–એફ) અને આરોપીએ ગુનામા ઉપયોગ કરેલ હથિયાર (માર્ક–જી) થી આંક–૬૯ ના રવાનગી પત્રક મુજબ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને તા. ૨૮/૧૦/૨૩ ના રોજ મોકલી આપેલ છે અને પ્રશ્નોતરી પુછેલ છે. જેમાં બ્લડ ગૃપ જણાવવુ તથા અન્ય સેમ્પલો સાથે તે સામ્યતા ધરાવે છે કે કેમ તે બાબતે સરખામણી કરતો સ્પષ્ટ અભિપ્રાય માંગેલ છે. ત્યારબાદ આ કામે પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા રાજકોટ તરફથી બાયોલોજી તથા સીરોલોજીનો પરીક્ષણ અહેવાલ આંક–૭૨ થી રજુ કરવામા આવેલ છે. જેમાં માર્ક એ એટલે કે બનાવવાળી જગ્યાએથી લેવાયેલ ઘાસવાળી માટીમા માનવ રૂધિરની હાજરી મળી આવેલ છે. પરંતુ રૂધિરનુ જુથ દર્શાવેલ નથી. માર્ક–બી એટલે કે જે કન્ટ્રોલ સેમ્પલ છે તેમાં રૂધિરની હાજરી મળી આવેલ નથી. માર્ક–સી મરણજનારના ના બ્લડ સેમ્પલના માનવ રૂધિરની હાજરી મળેલી છે. તથા માર્ક–ડી થી મરણજનારના કપડામાં, જેમાં ચણીયામા રૂધિરની હાજરી મળેલ છે જેનુ જુથ એ–બી દર્શાવેલ છે. જયારે બ્લાઉસમા પણ રૂધિરની હાજરી મળેલ છે તેનુ જુથ એ દર્શાવેલ છે. ત્યારબાદ આરોપીના બનાવ સમયે પહેરેલા કપડા માર્ક–ઈ થી રજુ છે. જેમાં રૂધિરની હાજરી મળેલ નથી. ત્યારબાદ માર્ક–એફ થી આરોપીનુ બ્લડ સેમ્પલ છે. માર્ક–જી થી મુદામાલ હથિયાર ધારીયુ એફ.એસ.એલ કચેરીને મોકલવામા આવેલ તેમા માનવ રૂધિરની હાજરી મળેલ હતી. પરંતુ તે કયા જુથનુ રૂધિર છે તે બાબતે આંક–૭૨ વાળા સીરોલોજી રીપોર્ટમા કોઇ સ્પષ્ટતા કરેલી નથી. વધુમા મરણજનારના કપડા ઉપર મળેલ બ્લડ માર્ક–ડી તથા મરણજનારના બ્લડ સેમ્પલ સી, મુદામાલ હથિયાર ધારીયા ઉપર જે રૂધિર મળી આવેલુ તેની સાથે સામ્યતા ધરાવે છે કે કેમ તેવી પ્રશ્નોતરી બાબતે આંક–૭૨ વાળા રીપોર્ટમા કોઇ

સ્પષ્ટતા કરેલી નથી. રીપોર્ટના અંતે એવો ઉલ્લેખ છે કે, એબીઓ ની એન્ટી જીનીસીટી નિયત થઈ શકેલ ન હોય, જુથ અંગે નિર્ણય લઈ શકાયેલ નથી. આ કામે ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ જો આરોપીએ ધારીયાના ઘા મારી, મરણજનારનુ મોત નિપજાવેલ હોય તો સ્વાભાવિક રીતે આરોપીએ બનાવ સમયે પહેરેલા કપડા ઉપર રૂધિરની હાજરી આવી શકે. તે પ્રમાણે મુદામાલ હથીયાર ધારીયા ઉપર પણ મરણજનારનુ બ્લડની હાજરી આવી શકે. પરંતુ મુદામાલ ધારીયા ઉપર મરણજનારના બ્લડની હાજરી હોવાનુ ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ, આરોપીને આ ગુનાના કામે સાંકળતો કોઈ શંકાથી પર સચોટ, સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવતો નથી.

**૨૨.** ફરીયાદ પક્ષનો કેસ આરોપીને મરણજનાર સાથે છેલ્લે જોવામા આવેલ તેના ઉપર આધારીત છે. પરંતુ કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાત મુજબ લાસ્ટ સીન ટુ ગેધર તે ખુબ જ નબળા પ્રકારનો પુરાવો છે અને માત્ર તેના પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ તબકકે **નામદાર સર્વોચ્ચ અદાલત નો ચુકાદો ૧૯૮૪ (૪) એસ.સી.સી. ૧૧૬ શરદ બીરધીચંદ સારડા વિરુધ્ધ મહારાષ્ટ્ર રાજય** નો ચુકાદો ધ્યાને લેવો યોગ્ય જણાય છે. સદરહુ ચુકાદો સાંયોગિક પુરાવા પર આધારિત કેસ માટે પાંચ ગોલ્ડન રૂલ્સ પ્રસ્થાપિત કરે છે. જે નીચે મુજબ છે.

**૧.** જે સંજોગો કે જેના દ્વારા આરોપી દોષિત છે તેવુ માનવામા આવે તે સંજોગો પુરેપુરા પુરવાર કરવા જોઈએ.
**૨.** હકીકત કે જે પુરવાર કરવામા આવેલી હોય તે આરોપીએ જ સદરહુ ગુનો આચરેલ છે તેવુ દર્શાવતી હોવી જોઈએ.
૩. સંજોગો નિર્ણાયક અને ચોકકસ પુરવાર કરવા જોઈએ.
૪. આરોપીએ જ ગુનો આચરેલ છે તે સિવાયની તમામ શકયતાઓ નકારાય હોવી જોઈએ.

૫. તમામ સાંયોગિક પુરાવાની કડીઓ સંપુર્ણપણે મળવી જોઈએ અને તેનાથી માત્ર એવા જ નિષ્કર્ષ ઉપર આવી શકાય કે આરોપીએ જ સદરહુ ગુનો આચરેલ છે.

આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલત નો રીપોર્ટ થયેલ ચુકાદો ૧૯૭૮ (૧) એસસીસી ૨૨૮ ઉમેદભાઈ જાદવભાઈ વિરૂધ્ધ ગુજરાત રાજય ના ચુકાદા ઉપર આધાર રાખવામા આવેલ છે. આ ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતે પેરા-૭ મા એવુ ઠરાવેલ છે કે, સાંયોગિક પુરાવા પર આધારિત કેસમા કોર્ટે તમામ સંજોગોને સંચિત અસર એટલે કે, તમામ સંજોગોને એક સાથે નજરમા રાખવાના હોય છે અને એકપણ ખોવાયેલ કડી ફરીયાદ પક્ષના કેસને નિષ્ફળ કરે છે. હાથ ઉપરના કેસમા પ્રથમ તો આરોપીનો ગુનાહીત ઈરાદો પુરવાર થતો નથી. કારણ કે બનાવનુ કારણ પુરવાર થયેલ નથી. ઉપર ચર્ચા કરી તે મુજબ આરોપીના કપડા તથા મુદામાલ હથિયાર ઉપર મરણજનારના લોહીના અંશો મળી આવ્યાનુ પુરવાર થતુ નથી.

**૨૩.** આ તબકકે નામદાર સુપ્રિમકોર્ટે તાજેતરમા આપેલ ચુકાદો ૨૦૨૫ લાઈવ લો (એસ સી) ૧૨૩૦ મનોજ ઉર્ફે મુન્ના વિ. છતીસગઢ રાજયનો ચુકાદો ધ્યાને લેતાં, તેમાં નામદાર છતીસગઢ હાઈકોર્ટ દ્વારા આરોપી મરણજનાર સાથે છેલ્લે જોવા મળેલા. ત્યારબાદ મરણજનારની લાશ જોવા મળેલી. તેના પર આધાર રાખી, આરોપી એ આ બાબતે કોઈ સંતોષકારક ખુલાસો પુરાવાના કાયદાની કલમ-૧૦૬ મુજબ કરેલ ન હોય, તેમ ઠરાવી આરોપીને તકસીરવાન ઠરાવેલ. પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે આ ચુકાદો રદબાતલ ઠરાવી એવુ ઠરાવેલ કે, પુરાવાના કાયદાની કલમ-૧૦૬ એ સાંયોગિક પુરાવા માત્ર એક કડી જ છે. આરોપી પુરાવાના કાયદાની કલમ-૧૦૬ મુજબ કોઈ ખુલાસો ન કરે તો તેનાથી ફરીયાદ પક્ષની પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ઘટી જતી નથી. આ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૧૬ (૧૨)

એસીસીસી. ૨૫૧ રામબ્રક્ષ વિરુધ્ધ છતીસગઢ રાજયના ચુકાદા ઉપર આધાર રાખેલ છે અને તેમા એવુ ઠરાવવામા આવેલ છે કે, લાસ્ટ સીન થીએરી ત્યારે જ લાગુ પાડી શકાય જયારે આરોપી મૃતક સાથે છેલ્લે જોવા મળ્યા હોય અને ત્યારબાદ મૃતકની લાશ મળી હોય તે બંને વચ્ચેનો સમયગાળો ખુબ જ અલ્પ હોય કે જેથી અન્ય કોઇ વ્યકિતએ તે ગુનો આચરેલ ન હોય. હાથ ઉપરના કેસમાં ફરીયાદી કે જે મરણ જનારના સગા ભાઈ છે તેમની આંક-૧૩ વાળી જુબાની ધ્યાને લેતાં તેમણે મરણજનાર અને આરોપીને સાથે જતા જોયા હોય તેવુ જ સ્પષ્ટ થતુ નથી. તેઓએ માત્ર એટલુ જ જણાવેલ છે કે મારી નીંદર ઉડી ત્યારે સારીકા રોતી હતી કેમ કે તેના મમ્મી પપ્પા એટલે કે મારી બેન હુંગરી તથા સરદાર હાજર ન હતા. તેમ છતાં દલીલ ખાતર એમ માનવામા આવે કે છેલ્લે આરોપી મરણજનાર સાથે હતા તો તે સમય અને મૃતકની લાશ મળી તે વચ્ચેનો સમયગાળો ખુબ જ અલ્પ હોય તેવુ ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ઉપરોકત તમામ ચુકાદાઓ હાથ પરના કેસને સચોટપણે લાગુ પડે છે. માત્ર લાસ્ટ સીન ટુ ગેધર ની થિએરીના આધારે આરોપીને બીજા અન્ય કોઈ સાંયોગિક પુરાવા ના અભાવે દોષિત ઠરાવી શકાય નહી. આમ, ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય જેથી મુદા નં ૧ નો જવાબ નકારમા આપી મુદા નં ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## -: આખરી હુકમ :-

૧. આ કામના આરોપી સરદાર જુરાવર વાસ્કેલીયા જાતે: આદિવાસી, ઉ.વ. ૩૩, ધંધો:ખેતમજુરી, રે. વિજયભાઇ કચરાભાઈપરમારની વાડીમા વાગુદડ રોડ,તા. ધ્રોલ, જી.જામનગર આઇ.પી.સી. કલમ-૩૦૨ તથા જી.પી.એકટની

કલમ૧૩૫(૧) મુજબના ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. દરેક આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭-એ મુજબના રૂા. ૧૦,૦૦૦/- પુરાના જામીન તથા જાત મુચરકા રજુ કરવા.

**3**. મુદામાલ અપીલ સમય વીત્યેથી નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૦ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૨૦/૦૩/૨૦૨૬

(સંદીપ મનહરકુમાર ક્રિસ્ટી)
૫ માં એડીશ્નલ ડીસ્ટ્રીકટ અનેસેશન્સ જજ
જામનગર કોડ નં. જી.જે. ૦૦૯૨૯

ટી.એ. દવે (પી.એસ.)